**જામનગર મહાનગરપાલિકા**

સામાન્ય વહીવટ વિભાગ

# <u>જાહેરાત ક્રમાંક ૦૧ થી ૦૪/૨૦૨૪-૨૫ અંગેની વિગતવાર સૂચનાઓ</u>

જામનગર મહાનગરપાલિકા ખાતે અધિક મદદનીશ ઇજનેર અને જુનિયર ક્લાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર સંવર્ગની મંજુર થયેલ ખાલી જગ્યા ઉપર જાહેરાતમાં દર્શાવેલ લાયકાત ધરાવતા યોગ્ય ઉમેદવારો પાસેથી OJAS મારફત ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. જેના માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર તા.૦૧/૦૭/૨૦૨૪ બપોરે (૧૨:૦૦ કલાક) થી તા.૨૧/૦૭/૨૦૨૪ (૨૩:૫૯ કલાક) દરમિયાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.

## <u>(૧) અધિક મદદનીશ ઇજનેર (સિવિલ) : JMC/૦૧/૨૦૨૪-૨૫</u>

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ (સાતમું પગારપંચ) | માસિક ફિક્સ પગાર | જગ્યાની સંખ્યા | વય મર્યાદા (નિર્દેશ કર્યા મુજબ) | પસંદગીની પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | અધિક મદદનીશ ઇજનેર (સિવિલ) | L-૭ ૩૯,૯૦૦ - ૧,૨૬,૬૦૦ | ૩ વર્ષનાં અજમાયશી ધોરણે રૂ.૪૯,૬૦૦/- | ૭૦ | ૧૮ થી ૩૫ વર્ષ | સ્પર્ધાત્મક પરીક્ષા |

<u>કેટેગરી વાઈઝ જગ્યા</u>

| બિન અનામત | | અનુ. જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ.વર્ગ | | આર્થિક નબળા વર્ગ | | માજી સૈનિક અનામત (કોલમ ન. ૫ની કુલ જગ્યા પૈકી) | દિવ્યાંગ અનામત (કોલમ ન. ૫ની કુલ જગ્યા પૈકી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૯ | | ૧૦ | | ૧૧ | | ૧૨ | | ૧૩ | ૧૪ |
| સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | |
| ૨૧ | ૧૦ | ૦૩ | ૦૨ | ૦૭ | ૦૪ | ૧૨ | ૦૬ | ૦૩ | ૦૨ | ૦૭ | ૦૩ |

## <u>(૨) અધિક મદદનીશ ઇજનેર (મીકેનીકલ) : JMC/૦૨/૨૦૨૪-૨૫</u>

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ (સાતમું પગારપંચ) | માસિક ફિક્સ પગાર | જગ્યાની સંખ્યા | વય મર્યાદા (નિર્દેશ કર્યા મુજબ) | પસંદગીની પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | અધિક મદદનીશ ઇજનેર (મીકેનીકલ) | L-૭ ૩૯,૯૦૦ - ૧,૨૬,૬૦૦ | ૩ વર્ષનાં અજમાયશી ધોરણે રૂ.૪૯,૬૦૦/- | ૦૨ | ૧૮ થી ૩૫ વર્ષ | સ્પર્ધાત્મક પરીક્ષા |

<u>કેટેગરી વાઈઝ જગ્યા</u>

| બિન અનામત | | અનુ. જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ.વર્ગ | | આર્થિક નબળા વર્ગ | | માજી સૈનિક અનામત (કોલમ ન. ૫ની કુલ જગ્યા પૈકી) | દિવ્યાંગ અનામત (કોલમ ન. ૫ની કુલ જગ્યા પૈકી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૯ | | ૧૦ | | ૧૧ | | ૧૨ | | ૧૩ | ૧૪ |
| સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | |
| ૦૧ | - | - | - | - | - | - | - | ૦૧ | - | - | - |

## જામનગર મહાનગરપાલિકા

સામાન્ય વહીવટ વિભાગ

### (3) અધિક મદદનીશ ઇજનેર (ઈલેક્ટ્રીકલ) : JMC/03/૨૦૨૪-૨૫

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ (સાતમું પગારપંચ) | માસિક ફિક્સ પગાર | જગ્યાની સંખ્યા | વય મર્યાદા (નિર્દેશ કર્યાં મુજબ) | પસંદગીની પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | અધિક મદદનીશ ઇજનેર (ઈલેક્ટ્રીકલ) | L-૭ ૩૯,૯૦૦ - ૧,૨૬,૬૦૦ | ૩ વર્ષનાં અજમાયશી ધોરણે રૂ.૪૯,૬૦૦/- | 03 | ૧૮ થી ૩૫ વર્ષ | સ્પર્ધાત્મક પરીક્ષા |

કેટેગરી વાઈઝ જગ્યા

| બિન અનામત | | અનુ. જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ.વર્ગ | | આર્થિક નબળા વર્ગ | | માજી સૈનિક અનામત (કોલમ ન. ૫ની કુલ જગ્યા પૈકી) | દિવ્યાંગ અનામત (કોલમ ન. ૫ની કુલ જગ્યા પૈકી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૯ | | ૧૦ | | ૧૧ | | ૧૨ | | ૧૩ | ૧૪ |
| સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | |
| ૦૧ | - | - | - | - | - | ૦૧ | - | ૦૧ | - | - | - |

### (૪) જુનિયર ક્લાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર : JMC/0૪/૨૦૨૪-૨૫

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ (સાતમું પગારપંચ) | માસિક ફિક્સ પગાર | જગ્યાની સંખ્યા | વય મર્યાદા (નિર્દેશ કર્યાં મુજબ) | પસંદગીની પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | જુનિયર ક્લાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર | L-૨ ૧૯,૯૦૦ - ૬૩,૨૦૦ | ૩ વર્ષનાં અજમાયશી ધોરણે રૂ.૨૬,૦૦૦/- | ૬૭ | ૧૮ થી ૩૫ વર્ષ | સ્પર્ધાત્મક પરીક્ષા |

કેટેગરી વાઈઝ જગ્યા

| બિન અનામત | | અનુ. જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ.વર્ગ | | આર્થિક નબળા વર્ગ | | માજી સૈનિક અનામત (કોલમ ન. ૫ની કુલ જગ્યા પૈકી) | દિવ્યાંગ અનામત (કોલમ ન. ૫ની કુલ જગ્યા પૈકી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૯ | | ૧૦ | | ૧૧ | | ૧૨ | | ૧૩ | ૧૪ |
| સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | |
| ૧૭ | ૦૯ | ૦૩ | ૦૨ | ૦૭ | ૦૩ | ૧૩ | ૦૬ | ૦૫ | ૦૨ | ૦૬ | ૦૩ |

**નોંધ :-**

(૧) ઉપરોકત જાહેરાત માટે લાયકાતના ધોરણો જામનગર મહાનગરપાલિકાના જનરલ બોર્ડ ઠરાવ નં.૪૬, તા.૨૫/૦૧/૨૦૨૪ થી મંજુર થયેલ છે. જેમાં જાહેરાત ક્રમાંક ૦૨ અને ૦૩/૨૦૨૪-૨૫ માં ૩ વર્ષનાં અનુભવના બદલે ૨ વર્ષનો અનુભવ દર્શાવવામાં આવેલ જે અંગેની લાયકાત દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી થ્રુ જનરલ બોર્ડની બહાલીને આધીન રહેશે.

(૨) આ જાહેરાત સંદર્ભે કોઈ પણ પ્રકારની પૂછપરછ માટે સામાન્ય વહીવટ વિભાગ, બીજો માળ, લાલ બંગલો જ્યુબીલી ગાર્ડન પાસે, જામનગર મહાનગરપાલિકા ખાતે રૂબરૂ અથવા ફોન નંબર ૦૨૮૮-

જામનગર મહાનગરપાલિકા

સામાન્ય વહીવટ વિભાગ

૨૫૫૦૨૩૧ થી ૨૩૫ અને એક્સ્ટેન્શન નં. ૨૦૫ અને ૨૦૭ ઉપર ઓફીસ સમય દરમ્યાન સવારે ૧૧-૦૦ થી ૦૧-૦૦ અને બપોરે ૩-૦૦ થી ૦૫-૦૦ સુધી સંપર્ક કરી શકાશે.

**(૧) જગ્યાની શૈક્ષણિક લાયકાત તથા અનુભવ :-**

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૧. | અધિક મદદનીશ ઇજનેર (સિવિલ) | માન્ય યુનિવર્સીટીનાં બી.ટેક. / બેચલર ઓફ સિવિલ એન્જીનીયરીંગ **અથવા** ડીપ્લોમા ઇન સિવિલ એન્જીનીયરીંગ અને ૨ વર્ષનો અનુભવ. |
| ૨. | અધિક મદદનીશ ઇજનેર (મીકેનીકલ) | માન્ય યુનિવર્સીટીનાં બી.ટેક. / બેચલર ઓફ મીકેનીકલ એન્જીનીયરીંગ **અથવા** ડીપ્લોમા ઇન મીકેનીકલ એન્જીનીયરીંગ અને ૨ વર્ષનો અનુભવ. |
| ૩. | અધિક મદદનીશ ઇજનેર(ઈલેક્ટ્રીકલ) | માન્ય યુનિવર્સીટીનાં બી.ટેક. / બેચલર ઓફ ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ **અથવા** ડીપ્લોમા ઇન ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ અને ૨ વર્ષનો અનુભવ. |
| ૪. | જુનિયર ક્લાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર | ૧. માન્ય યુનિવર્સીટીનાં ગ્રેજ્યુએટ<br>૨. લેખિત પરીક્ષાના મેરીટમાં અગ્રતા ક્રમ ધરાવતા ઉમેદવારે નિમણુંક પામ્યા બાદ સરકારશ્રી દ્વારા નિયત થયેલ નીતિ અનુસાર સરકાર માન્ય સંસ્થામાંથી સી.સી.સી. પરીક્ષા(કોમ્પ્યુટર વિષયક લાયકાત) પાસ કરવાની રહેશે. |

(૧-એ) ઉપરોકત જાહેરાતની ઓનલાઈન અરજી કરતી વખતે કોઈપણ પ્રકારના પ્રમાણપત્રની નકલ જોડવાની કે અપલોડ કરવાની નથી પરંતુ ઉપરોકત જગ્યાની ભરતીમાં સફળ થયેલ ઉમેદવારોએ જાહેરાતમાં દર્શવ્યા મુજબના પ્રમાણપત્ર જામનગર મહાનગરપાલિકા દ્વારા માંગવામાં આવે ત્યારે અને નિમણુંક સમયે રજુ કરવાનું રહેશે.

(૧-બી) ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે પસંદ થયેલ ઉમેદવારોએ નિમણુંક બાદ રાજ્ય સરકારે / કોર્પોરેશને ઠરાવેલ નિયત પરીક્ષાઓ આપવાની રહેશે અને તેમાં મુદ્દત હરોળમાં ઉત્તીર્ણ થવાનું ફરજીયાત રહેશે.

(૨) કોમ્પ્યુટર જ્ઞાન (CCC) અંગેની લાયકાત :-

૨(૧) સી.સી.સી. પાસ અંગેની લાયકાત સંદર્ભે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી સામાન્ય નિયમો - ૧૯૬૭ નાં નિયમ-૮(૧)(એ) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર બેઝીક નોલેજ ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સરકારશ્રીનાં સામાન્ય વહિવટ વિભાગના તા.૧૩-૦૮-૨૦૦૮ નાં ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ સાથેના પત્રક - ૧ માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરના બેઝીક નોલેજ તરીકે જાહેર કરેલ છે. આ અભ્યાસક્રમ મુજબના કોમ્પ્યુટર વિષયની જાણકારી અંગેનું કોઈ પણ સંસ્થાનું પ્રમાણપત્ર માન્ય રહેશે. વધુમાં માન્ય યુનીવર્સીટી અથવા સરકાર દ્વારા માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈ પણ ડીપ્લોમાં / ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્ર અથવા ડીગ્રી કે ડિપ્લોમાના અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્ર અથવા ધોરણ - ૧૦ (એસ.એસ.સી.) અને ધોરણ - ૧૨ (એચ.એસ.સી.) ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્ર માન્ય રહેશે. આ તબક્કે પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો અરજી કરી શકે છે પરંતુ અજમાયશી સમય દરમ્યાન આ પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે અન્યથા નિમણુંક રદબાતલ ઠરશે.

૨(૨) રાજ્ય સરકારશ્રીનાં સામાન્ય વહિવટ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/પાર્ટ/૩-ક, તા.૦૧/૦૪/૨૦૧૭ માં દર્શાવ્યા મુજબના કોમ્પ્યુટર સબંધિત શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોને કોઈ પણ સંવર્ગમાં સીધી ભરતીથી નિમણુંક પામેલ કર્મચારી/અધિકારીઓને સી.સી.સી. / સી.સી.સી.+ ની પરીક્ષામાંથી મુક્તિ આપવાનું ઠરાવેલ છે.

**(3)** ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન અને ગુજરાતી ભાષા પર પ્રભુત્વ ધરાવતા હોવા જોઈએ.

**(૪) રાષ્ટ્રીયતા - ઉમેદવાર**

(ક) ભારતનો નાગરીક હોય, અથવા

(ખ) નેપાળનો પ્રજાજન હોય, અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન હોય, અથવા

(ઘ) તિબેટનો નિર્વાસીત હોય અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી સન - ૧૯૬૨ જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ પહેલા ભારતમાં આવ્યો હોય, <u>અથવા</u>

(ચ) મુળ ભારતની વ્યક્તિ હોય અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, તાન્ઝાનીયા નું સંયુક્ત પ્રજાસત્તાક (અગાઉના ટાન્ગનીકા અને ઝાંઝાબાર), ઝામ્બીઆ, મલાવી, ઝેર, ઇથિયોપિયા જેવા પૂર્વ આફ્રીકાના દેશો અને વિયેટનામમાંથી સ્થળાંતર કરીને આવેલ હોય, પરંતુ (ખ), (ગ), (ઘ) અને (ચ) વર્ગ હેઠળ આવતા ઉમેદવાર જેની તરફેણમાં રાજ્ય સરકારે લાયકાતનું પ્રમાણપત્ર આપ્યું હોય તેવી વ્યક્તિ હોવી જોઈએ.

**(૫) વયમર્યાદા :-**

(ક) ઉમેદવારની વય ૧૮ વર્ષથી ઓછી હોવી જોઈએ નહી અને ૩૫ વર્ષ થી વધુ ન હોવી જોઈએ.

(ખ) સરકારી કે અર્ધ-સરકારી વિભાગના કાયમી કર્મચારીઓ અરજદાર થાય તો તેમના કિસ્સામાં સરકારશ્રી દ્વારા જોગવાઇને આધીન છુટછાટ મળવાપાત્ર થશે.

(ગ) જામનગર મહાનગરપાલિકાના કાયમી કે કોન્ટ્રાક્ટ બેઈઝ કર્મચારીઓને ઉમરનો બાધ રહશે નહિ.

(ઘ) જામનગર મહાનગરપાલિકા સિવાયના તમામ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ સાથેની નિયત તારીખે <u>કોઈપણ સંજોગોમાં નીચે જણાવેલ છુટછાટ મળતી હોય તેવા કિસ્સામાં પણ ઉમર ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહી.</u>

**ઉપરોકત તમામ જગ્યાના ઉમેદવારોને નીચેની વિગતે વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે.**

**(૫-A) ઉપરોક્ત તમામ જાહેરાત માટે નીચે મુજબની વિગતે છૂટ-છાટ મળવાપાત્ર થશે.**

| | | | |
|---|---|---|---|
| ૧. | સામાન્ય મહિલા ઉમેદવારોને | - | ૦૫ વર્ષ |
| ૨. | અનામત વર્ગના પુરુષ ઉમેદવારોને | - | ૦૫ વર્ષ |
| ૩. | અનામત વર્ગના મહિલા ઉમેદવારોને | - | ૧૦ વર્ષ |
| ૪. | સામાન્ય વર્ગના દિવ્યાંગ પુરુષ ઉમેદવારોને | - | ૧૦ વર્ષ |
| ૫. | સામાન્ય વર્ગના દિવ્યાંગ મહિલા ઉમેદવારોને | - | ૧૫ વર્ષ |
| ૬. | અનામત વર્ગના દિવ્યાંગ પુરુષ ઉમેદવારોને | - | ૧૫ વર્ષ |
| ૭. | અનામત વર્ગના દિવ્યાંગ મહિલા ઉમેદવારોને | - | ૨૦ વર્ષ |
| ૮. | આર્થિક રીતે નબળા વર્ગના પુરુષ ઉમેદવારોને | - | ૦૫ વર્ષ |
| ૯. | આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારોને | - | ૧૦ વર્ષ |

૧૦. માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભૂમિની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા ૬ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખ કાર્ડ અને ડીસચાર્જ બુક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ૩ વર્ષ સુધીની છૂટ છાટ મળવાપાત્ર રહેશે.

**(૫-B) વયમર્યાદા માટે નિર્ધારીત તારીખ :-**

તમામ ઉમેદવારના કિસ્સામાં વયમર્યાદા માટે ઓનલાઈન અરજી કરવાની અંતિમ તારીખને ધ્યાને લેવામાં આવશે. વયમર્યાદા સબંધમાં ઓનલાઈન અરજી કરવાની અંતિમ તારીખ **CUT OFF DATE** ગણવાની રહેશે.

**(૬) અજમાયશી સમયગાળો :-**

ઉપરોકત જગ્યા માટે પસંદગી પામેલ લાયક ઉમેદવારને પ્રથમ ત્રણ વર્ષ માટે અજમાયશી માસિક ફિક્સ પગારથી નિમણુંક આપવામાં આવશે. જે તે જગ્યાના માસિક ફિક્સ પગારની વિગતો ઉપર પત્રકમાં દર્શાવેલ છે. ૩(ત્રણ) વર્ષની સેવા સંતોષકારક રીતે પૂર્ણ કરનાર ઉમેદવારને જે-તે જગ્યા ઉપર નિયમિત નિમણુંક આપવા અંગે વિચારણા કરવામાં આવશે. જે-તે જગ્યાના નિયમિત નિમણુંકના પગાર ધોરણની વિગતો જાહેરાતમાં દર્શાવેલ છે.

**(૭) પસંદગી પ્રક્રિયા :-**

**-: ૭(એ) : અધિક મદદનીશ ઇજનેર જાહેરાત ક્રમાંક : ૦૧ થી ૦૩ / ૨૦૨૪-૨૫ :-**

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એક્ટની કલમ-૫૪ હેઠળ વિહિત કરાયેલ જામનગર મહાનગરપાલિકાની સ્ટાફ સિલેકશન કમિટી દ્વારા પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## જામનગર મહાનગરપાલિકા

સામાન્ય વહીવટ વિભાગ

### અધિક મદદનીશ ઇજનેર સંવર્ગની લેખિત પરીક્ષાની રૂપરેખા :-

| ક્રમ | પરીક્ષાનો પ્રકાર | સમય | વિષય | પ્રશ્નો | કુલ ફાળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| ૧. | હેતુલક્ષી (MCQ) | ૯૦ મિનીટ | ગુજરાતી વ્યાકરણ | ૧૦ | ૧૦ |
| | | | અંગ્રેજી વ્યાકરણ | ૧૦ | ૧૦ |
| | | | ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ અને કરંટ અફેર્સ | ૨૦ | ૨૦ |
| | | | જગ્યાને લગત ટેકનીકલ અભ્યાસક્રમ | ૬૦ | ૬૦ |
| | | | કુલ | ૧૦૦ | ૧૦૦ |

નોંધ :- **પ્રશ્નપત્રમાં કેટલાક પ્રશ્નો ગુજરાતીમાં રહેશે અને કેટલાક પ્રશ્નો અંગ્રેજીમાં રહેશે.**

(ક) આ જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી લેખિત પરીક્ષાને આધારે કરવામાં આવશે.

(ખ) લેખિત પરીક્ષામાં પાસ થવા માટે લધુત્તમ લાયકી ધોરણ ૩૫% એટલે કે, ૧૦૦ માર્ક્સમાંથી ઓછામાં ઓછા ૩૫ ગુણ મેળવવા ફરજીયાત રહેશે. તેમાં નિષ્ફળ જનાર ઉમેદવાર જગ્યા માટે લાયક ગણાશે નહિ.

(ગ) લેખિત પરીક્ષામાં મેળવેલ માર્ક્સનાં આધારે કેટેગરી વાઈઝ મેરીટ તૈયાર કરવામાં આવશે. મેરીટ એ આખરી નિમણુંકયાદી નથી જે બાબત ઉમેદવારોએ ખાસ ધ્યાનમાં લેવી. તેમજ માત્ર લેખિત પરીક્ષામાં પાસ થયેથી ઉમેદવાર જગ્યા માટે લાયક ગણાશે તેવું માની લેવામાં આવશે નહિ.

(ઘ) ઉપરોકત જગ્યાની લેખિત પરીક્ષા માટે ટેકનીકલ અભ્યાસક્રમ સિવાયના વિષયો અંગ્રેજી વ્યાકરણ, ગુજરાતી વ્યાકરણ, સામાન્ય જ્ઞાન માટે વિષયવસ્તુ ધોરણ-૧૦ (S.S.C.) ની સમકક્ષ રહશે.

(ચ) ઉપરોકત પ્રશ્નપત્રમાં કુલ ૧૦૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે. દરેક પ્રશ્નનના જવાબ આપવા માટે કુલ ૪ (A, B, C, D) વિકલ્પોમાંથી ઉમેદવારે સાચો વિકલ્પ પસંદ કરી O.M.R. પદ્ધતિ મુજબ જવાબ આપવાનો રહેશે.

(છ) ઉપરોક્ત જગ્યાની લેખિત પરીક્ષા માટે નેગેટીવ માર્કિંગ નથી.

(જ) "*જામનગર મહાનગરપાલિકા ખાતે લાંબા સમયથી ફરજ બજાવતા હોય તેવા કોન્ટ્રાક્ટ બેઇઝ કર્મચારીઓને સીધી ભરતીમાં અન્યાય ન થાય તે માટે આગામી ભરતી પ્રક્રિયામાં ઉમરનો બાધ ન ગણવા અને આવા કોન્ટ્રાક્ટ બેઇઝ કર્મચારીઓને નિમણુંકની પ્રક્રિયા વખતે વધુ વેઇટેજ મળી રહે તે માટે લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણનાં ૩૫% લેખે વધારાનું વેઇટેજ આપવા જનરલ બોર્ડ ઠરાવ નંબર-૪૬, તા.૨૫-૦૧-૨૦૨૪ થી ઠરાવેલ છે.*"

**જામનગર મહાનગરપાલિકા**

સામાન્ય વહીવટ વિભાગ

**-: ૭(બી) : જુનિયર ક્લાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર જાહેરાત ક્રમાંક : ૦૪/૨૦૨૪-૨૫ :-**

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એક્ટની કલમ-૫૪ હેઠળ વિહિત કરાયેલ જામનગર મહાનગરપાલિકાની સ્ટાફ સિલેકશન કમિટી દ્વારા પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

**જુનિયર ક્લાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર લેખિત પરીક્ષાની રૂપરેખા :-**

| ક્રમ | પરીક્ષાનો પ્રકાર | સમય | વિષય | પ્રશ્નો | કુલ ફાળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| ૧. | હેતુલક્ષી (MCQ) | ૯૦ મિનીટ | ગુજરાતી વ્યાકરણ | ૨૦ | ૨૦ |
| | | | અંગ્રેજી વ્યાકરણ | ૨૦ | ૨૦ |
| | | | કોમ્પ્યુટર | ૩૦ | ૩૦ |
| | | | ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ અને કરંટ અફેર્સ | ૩૦ | ૩૦ |
| | | | કુલ | ૧૦૦ | ૧૦૦ |

નોંધ :- **પ્રશ્નપત્રમાં કેટલાક પ્રશ્નો ગુજરાતીમાં રહેશે અને કેટલાક પ્રશ્નો અંગ્રેજીમાં રહેશે.**

(ક) આ જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી લેખિત પરીક્ષા અને કોમ્પ્યુટર પ્રોફીશિયન્સી ટેસ્ટને આધારે કરવામાં આવશે.

(ખ) ૧૦૦ માર્કસની લેખિત પરીક્ષામાં પાસ થવા માટે લઘુત્તમ લાયકી ધોરણ ૩૫% એટલે કે, ૧૦૦ માર્ક્સમાંથી ઓછામાં ઓછા ૩૫ ગુણ મેળવવા ફરજીયાત રહેશે. તેમાં નિષ્ફળ જનાર ઉમેદવાર જગ્યા માટે લાયક ગણાશે નહિ.

(ગ) લેખિત પરીક્ષામાં સફળ થયેલ ઉમેદવારોના માર્ક્સનાં આધારે મેરીટ તૈયાર કરવામાં આવશે જે મેરીટ યાદીમાંથી કુલ જગ્યાની સામે ૫(પાંચ) ગણા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફીશિયન્સી ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.

(ઘ) કોમ્પ્યુટર પ્રોફીશિયન્સી ટેસ્ટ કુલ ૧૦૦ માર્કસની રહેશે. જે અંગેની માહિતી પછીથી વિગતવાર જાહેર કરવામાં આવશે.

(ચ) જુનિયર ક્લાર્કની જગ્યા માટેનું આખરી મેરીટ બંને પરીક્ષામાં સફળ થયેલ ઉમેદવારોએ લેખિત પરીક્ષાનાં ૧૦૦ માર્ક્સ અને કોમ્પ્યુટર પ્રોફીશિયન્સી ટેસ્ટનાં ૧૦૦ માર્ક્સ એમ મળીને કુલ-૨૦૦ માર્ક્સમાંથી મેળવેલ માર્ક્સને આધારે તૈયાર કરવામાં આવશે.

(છ) માત્ર લેખિત પરીક્ષામાં પાસ થયેથી કે કોમ્પ્યુટર પ્રોફીશિયન્સી ટેસ્ટમાં પાસ થયેથી ઉમેદવાર જુનિયર ક્લાર્કની જગ્યા માટે લાયક ગણાશે તેવું માની લેવામાં આવશે નહિ તેમજ ૨૦૦ માર્ક્સમાંથી તૈયાર કરેલ આખરી મેરીટયાદી એ નિમણુંકયાદી ગણવાની રહેશે નહિ જે બાબત ઉમેદવારોએ ખાસ ધ્યાનમાં લેવી.

(જ) ઉપરોકત જગ્યાની લેખિત પરીક્ષા માટેનું વિષયવસ્તુ ધોરણ-૧૦ (S.S.C.) ની સમકક્ષ રહેશે.

(ઝ) ઉપરોકત પ્રશ્નપત્રમાં કુલ ૧૦૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે. દરેક પ્રશ્નનના જવાબ આપવા માટે કુલ ૪ (A, B, C, D) વિકલ્પોમાંથી ઉમેદવારે સાચો વિકલ્પ પસંદ કરી O.M.R. પદ્ધતિ મુજબ જવાબ આપવાનો રહેશે.

(ટ) ઉપરોક્ત જગ્યાની લેખિત પરીક્ષા માટે નેગેટીવ માર્કિંગ નથી.

(ઠ) "*જામનગર મહાનગરપાલિકા ખાતે લાંબા સમયથી ફરજ બજાવતા હોય તેવા કોન્ટ્રાક્ટ બેઇઝ કર્મચારીઓને સીધી ભરતીમાં અન્યાય ન થાય તે માટે આગામી ભરતી પ્રક્રિયામાં ઉમરનો બાધ ન ગણવા અને આવા કોન્ટ્રાક્ટ બેઇઝ કર્મચારીઓને નિમણુંકની પ્રક્રિયા વખતે વધુ વેઇટેજ મળી રહે તે માટે લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણનાં ૩૫% લેખે વધારાનું વેઇટેજ આપવા જનરલ બોર્ડ ઠરાવ નંબર-૪૬, તા.૨૫-૦૧-૨૦૨૪ થી ઠરાવેલ છે.*"

## (૮) પરીક્ષા ફી :-

- ફોર્મ ભરતી વખતે કેટેગરી સિલેક્ટ કરી ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- સામાન્ય, સા.શૈ.પ.વ તથા આર્થિક નબળા વર્ગના પુરુષ ઉમેદવારો માટે પરીક્ષા ફી રૂ.૫૦૦/- રહેશે.
- મહિલા ઉમેદવાર, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, એક્સ-સર્વિસમેન, (દિવ્યાંગજન વર્ગ સિવાયના) ઉમેદવારો માટે પરીક્ષા ફી ૫૦% એટલે કે રૂ.૨૫૦/- ભરવાની રહેશે. (દિવ્યાંગજન વર્ગના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહશે નહી.)
- ઉમેદવારોએ પરીક્ષા ફી માત્ર ઓનલાઈન જમા કરાવવાની રહેશે.
- પરીક્ષાની અરજી ફી ઓનલાઈન જમા કરાવવા માટે "**Online Payment of Fee**" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં "**Net Banking**" અથવા "**Other Payment Mode**" ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઈ છે તેવું સ્ક્રીન પર લખાયેલું આવશે અને **e-receipt** મળશે જેની **Print** કાઢી લેવી. ઉમેદવાર દ્વારા **Online** ફી ભરવામાં ભૂલ ના થાય અને તે તેના કારણે ફોર્મ રદ્દ ના થાય તે માટે પુરતી કાળજી લેવી અને **Online** ભરેલ ફી ની **e-receipt** અવશ્ય લેવી. ફી **Online** સમયસર ના ભરવાના કિસ્સામાં ઉમેદવારી રદ્દ થશે તો તે માટે પાછળથી અન્ય કોઈ રજૂઆત સ્વીકારવામાં આવશે નહિ. જો ફી **Online** ભરવાની પ્રકિયામાં આપના દ્વારા કોઈ ભૂલ થશે તો સ્ક્રીન (Screen) પર આપની ફી ભરાયેલી નથી તેમ જોવા મળશે. તેથી આપે **Online** ફી ભર્યાની **e-receipt** અવશ્ય મેળવી લેવી. સંલગ્ન બેંક ચાર્જીસ ઉમેદવારે ભરવાના રહેશે. જો કોઈ ઉમેદવાર એક કરતાં વધુ અરજી માટે ફી ભરેલ હશે તો ભરેલ ફી પરત કરવામાં આવશે નહી.

  **e-receipt** તથા **Confirm** થયેલ અરજી પત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને ઉમેદવારે પરીક્ષા સમયે કોલ લેટર સાથે **e-receipt** રજુ કરવાની રહેશે તેમજ જામનગર મહાનગરપાલિકા દ્વારા મંગાવવામાં આવે ત્યારે અરજી પત્રક બિડાણો સહિત તથા **e-receipt** ની નકલ સાથે આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ થી મોકલવાના રહેશે અથવા જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં રૂબરૂ આપી જવાના રહેશે.

- **Online** સિવાય અન્ય કોઈ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

- ઓનલાઈન ફી ભરવાનો છેલ્લો સમય તા:૨૨/૦૭/૨૦૨૪ ના ૨૩:૫૯ કલાક સુધીનો રહેશે. **Online** ભર્યેથી તુરંત જ **e-receipt** મેળવી લેવી.
- ફી ભરપાઈ કર્યા બાદ કોઈપણ સંજોગોમાં ફી પરત મળવાપાત્ર થશે નહીં અથવા બીજી પરીક્ષા માટે આવી ફી ને ધ્યાને લેવામાં આવશે નહીં.
- એક વખત અરજી કર્યા પછી અરજી પરત ખેંચવાની કે રદ્દ કરવાની વિનંતી કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.
- **Online ફી ભરવામાં ઉમેદવાર ધ્વારા કોઇપણ પ્રકારની ભૂલ કરવામાં આવશે અને ફી જામનગર મહાનગરપાલિકા ખાતે જમા ન થયે ઉમેદવારની અરજી રદ્દ થવાને પાત્ર થશે. અને આ બાબતે ઉમેદવારની કોઈ પણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.**

**(૯) અરજી કરવાની રીત :-**

- આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે.અન્ય કોઈપણ પ્રકારે કરેલ અરજી સ્વીકારવામાં આવશે નહી. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તા:૦૧/૦૭/૨૦૨૪ (બપોરના ૧૨:૦૦ કલાક) થી તા:૨૧/૦૭/૨૦૨૪. (સમય રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી) દરમિયાન **https://ojas.gujarat.gov.in** પર અરજી પત્રક ભરી શકાશે ઉમેદવારે (૧) સૌ પ્રથમ **https://ojas.gujarat.gov.in** પર જવું. હવે (૨) **"Apply Online" Click** કરવું. (૩) પસંદગીની જગ્યા પર **Click** કરવાથી જગ્યાની વિગતો મળશે. (૪) તેની નીચે **"Apply Now"** પર **Click** કરવાથી **Application Format** ખુલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. અહી લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. (૫) **"Personal Details"** ભરાયા બાદ **"Educational Details"** ભરવા માટે **"Educational Qualifications"** પર **Click** કરવું. (૬) તેની નીચે **"Self Declaration"** પર **Click** કરવું. ત્યાર બાદ (૭) ઉપરની શરતો સ્વીકારવા માટે **"Yes"** પર **Click** કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે. (૮) હવે **"Save"** પર **Click** કરવાથી તમારી અરજી ઓનલાઈન સ્વીકાર થશે. (૯) અરજી કર્યા બાદ ઉમેદવારનો **"Application Number" Generate** થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. (૧૦) હવે **"Upload Photograph"** પર **Click** કરો. અહી તમારો **"Application Number"** ટાઇપ કરો અને તમારી **Birth date type** કરો, ત્યાર બાદ **OK** પર **Click** કરવું. અહી **Photo** અને **Signature Upload** કરવાના છે. (**Photo** નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને **Signature** નું માપ ૨.૫ સે.મી. લંબાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી) (**Photo** અને **Signature Upload** કરવા સૌ પ્રથમ તમારો **Photo** અને **Signature jpg Format** માં(૧૫ કે.બી.) સાઈઝથી વધારે નહિ તે રીતે સ્કેન કરી કોમ્પ્યુટરમાં સેવ કરેલા હોવા જોઈએ.) **"Browse" Button** ની બાજુમાં **"Upload" Button** પર **Click** કરો. હવે **Choose file** ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં **.jpg Format** માં તમારો **Photo store** થયેલ છે, તે ફાઈલને **Select** કરો અને **"Open Button"** ને **Click** કરો. હવે **"Browse" Button** ની બાજુમાં **"Upload" Button** પર **Click** કરો. હવે તમારો **Photo** દેખાશે. હવે આજ રીતે **Singnature** પણ **Upload** કરવાની રહેશે. (૧૧) હવે પેજના ઉપરના ભાગમાં **"Confirm Application"** તથા **Birthdate type** કર્યાબાદ **OK** પર **click** કરવાથી ૨ બટન (૧) OK (૨) Confirm Application

દેખાશે. તે કન્ફર્મ કર્યા પછી કોઈપણ પ્રકારનો સુધારો શક્ય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર click કરવું. તેથી ઉમેદવારની અરજીનો ઓનલાઈન સ્વીકાર થઇ જશે. અહી Confirmation number generate થશે. જે હવે પછીનો બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. (૧૨) હવે **Print Application** પર **Click** કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી. (૧૩) અરજી કન્ફર્મ થઇ ગયા બાદ આગળના ફકરા ૧૩ માં આપેલ સૂચનાઓ અનુસાર ફી ઓનલાઈન જમા કરાવવી. (મહિલા ઉમેદવાર, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, એક્સ-સર્વિસમેન, (દિવ્યાંગજન વર્ગ સિવાયના) ઉમેદવારો માટે પરીક્ષા ફી ૫૦% એટલે કે રૂ.૨૫૦/- ભરવાની રહેશે. (દિવ્યાંગજન વર્ગના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહશે નહી.) અરજી કન્ફર્મ કર્યાબાદ ફી ન ભરનાર ઉમેદવારની ઉમેદવારી રદ્દ ગણાશે.

## (૧૦) ઉમેદવારો માટે સામાન્ય શરતો / સૂચનાઓ:-

૧) એક ઉમેદવાર એક કેડર માટે એક જ અરજી કરી શકશે. એક જ કેડર માટે એકથી વધુ અરજીના **કિસ્સામાં છેલ્લી ઓનલાઈન કન્ફર્મ થયેલ અને નિયત ફી ભરેલ હોય તેવી અરજી જ માન્ય રહેશે. બાકીની અરજી રદ્દ કરવા અંગે નિર્ણય કરવાની આખરી સત્તા માન.કમિશ્નરશ્રી, જામનગર** મહાનગરપાલિકાને રહેશે. અને તે ઉપરાંત ભરેલ ફી નાં રૂપિયા પરત મળવાપાત્ર રહેશે નહિ.

૨) ઉમેદવાર ઉક્ત જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગો પૈકી એક અથવા એકથી વધારે સંવર્ગ માટે અરજી કરી શકશે અને તેઓએ એક સંવર્ગ માટે માત્ર એક જ વખત અરજી કરવાની રહેશે. એકથી વધારે સંવર્ગમાં ઉમેદવારી નોંધાવવાનાં કિસ્સામાં દરેક સંવર્ગ માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.

૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા અને તેની સંખ્યામાં વધ-ઘટ થવાની શક્યતા છે. જાહેરાત બાદ જગ્યા ભરવી કે ન ભરવી તે બાબતે કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકાનો નિર્ણય આખરી ગણાશે.

૪) જાહેરાતમાં જે તે કેટેગરી માટે જે જગ્યાઓ અનામત જાહેર કરેલ છે, તે માત્ર ગુજરાત ના અનામતમાં આવતા ઉમેદવારોને જ અનામત નો લાભ મળશે. અન્ય રાજ્યના ઉમેદવારોને અનામતનો લાભ મળશે નહી. અનામત વર્ગોના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં સરકારશ્રીના નિયમોનુસાર છુટછાટ મળશે. તેમ છતાં મહિલા ઉમેદવારોને નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ **વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ** ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

૫) જે તે કેટેગરી માટે જો જગ્યા અનામત તરીકે જાહેર કરવામાં ન આવી હોય તેમ છતાં સંબંધિત અનામત કક્ષાના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ વયમર્યાદા સહીતની અન્ય તમામ લાયકાતો સંતોષતા હોય તો તેવા ઉમેદવારો પણ જે તે જગ્યા માટે ઉમેદવારી નોંધાવી શકાશે.

### <u>૬) દિવ્યાંગ ઉમેદવારો માટે :-</u>

- ગુજરાત સરકારશ્રીનાં સામાન્ય વહિવટ વિભાગના તા.૧૫-૦૨-૨૦૦૧ નાં ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૨૦૦૮-જીઓઆઈ-૭-ગ.૨ મુજબ ઉમેદવાર શારીરિક અશક્તતા(દિવ્યાંગ) ૪૦% કે તેથી વધુ હોય તેમને જ શારીરિક અશક્તતા(દિવ્યાંગ) ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળવાપાત્ર થશે.

- શારીરિક રીતે અશક્ત ઉમેદવારોને સામાન્ય વહિવટ વિભાગના નિયત થયેલ સુપ્રિટેન્ડન્ટ / સિવિલ સર્જનનાં તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦(દસ) વર્ષ સુધીની છૂટછાટ તથા મહિલા ઉમેદવારને ૫(પાંચ) વર્ષની વિશેષ છૂટછાટ વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં મળવાપાત્ર રહેશે.
- સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારની તજજ્ઞ સમિતિની ભલામણ મુજબ દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ-૨૦૧૬, ગુજરાત સરકારશ્રીનાં સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨, તા.૧૭-૦૯-૨૦૨૧ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારનાં તા.૦૪-૦૧-૨૦૨૧ ના જાહેરનામાથી થઇ આવેલ સુચના અને જોગવાઈઓ અનુસાર નીચે મુજબની વિગતે દિવ્યાંગતા અમલમાં રહેશે.

| ક્રમ | સંવર્ગનું નામ | A | B | C | D & E |
|---|---|---|---|---|---|
| 1 | અધિક મદદનીશ ઇજનેર (સિવિલ) | D, HH | OA, OL, LC, Dw, AAV | SLD, MI | MD involving (a) to (c) above 40% TO 70% |
| 2 | અધિક મદદનીશ ઇજનેર (મીકેનીકલ) | D, HH | OA, OL, CP, Dw, AAV | SLD, MI | MD involving (a) to (c) above 40% TO 70% |
| 3 | અધિક મદદનીશ ઇજનેર (ઈલેક્ટ્રીકલ) | D, HH | OA, OL, LC, Dw, AAV | SLD, MI | MD involving (a) to (c) above 40% TO 70% |
| 4 | જુનિયર ક્લાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર | B, LV | D, HH | OA,BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD (M), SLD, MI, MD involving (a) to (d) above 40% TO 70% |

PH CATEGORY ABBREVIATIONS USED:

B=Blind, LV=Low Vision, D=Deaf, HH= Hard of Hearing, OA=One Arm, OL=One Leg, BA=Both Arms, BL=Both Leg, OAL=One Arm and One Leg, BLOA=Both leg & one arm , BLA=Both Legs Arms, CP=Cerebral Palsy, LC=Leprosy Cured, Dw =Dwarfism, AAV=Acid Attack Victims, MDy=Muscular Dystrophy,

ASD = Autism Spectrum Disorder (M= Mild, MoD= Moderate), ID= Intellectual Disability, SLD= Specific Learning Disability, MI= Mental Illness, MD=Multiple Disabilities

- શારીરિક અશક્તતા(દિવ્યાંગ) ધરાવતા ઉમેદવારોએ ONLINE FORM માં પર્સનલ ડીટેઇલ માં પોતાની અશક્તાતાની ટકાવારી / વિગત દર્શાવવાની રહેશે.
- શારીરિક અશકત (દિવ્યાંગ) અનામત સિવાયની જગ્યાઓ માટે લગત સંવર્ગની કામગીરી માટે સક્ષમ હોય તેવા જ ઉમેદવારોને ધ્યાને લેવામાં આવશે.
- શારીરિક અશક્ત (દિવ્યાંગ) તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત / આર્થિક રીતે નબળા વર્ગો / સા.શૈ.પ.વર્ગ/ અનુ.જાતી/ અનુ.જનજાતિ) ઉમેદવારો હશે, તે કેટેગરીના ગણવામાં આવશે તેમજ તે જ કેટેગરીની જગ્યામાં સમાવવામાં આવશે.

૭) **<u>અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-</u>**

- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજી પત્રકમાં અચૂક આપવી.
- ઉમેદવારે અરજી પત્રકનાં સબંધિત કોલમમાં જે-તે અનામત કક્ષા દર્શાવેલ નહિ હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક / દાવો માન્ય રાખવામાં આવશે નહિ.
- **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું તા.૦૬-૦૨-૧૯૯૬ નાં ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમુના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં તા.૨૬-૦૪-૨૦૧૬ નાં ઠરાવ ક્રમાંક : સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર' ની મહત્તમ અવધી (VALIDITY) ઇસ્યુ થયા વર્ષ સહીત ૩(ત્રણ) નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર સબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાવેલ હોવું જોઈએ એટલે કે તા.૦૧-૦૪-૨૦૨૨ થી તા.૨૧/૦૭/૨૦૨૪ સુધીમાં ઇસ્યુ થયેલ હોવું જોઈએ. **જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ હશે તો જ માન્ય રાખવામાં આવશે** અન્યથા તે માન્ય ગણવામાં આવશે નહિ.
- ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬(છ) માપદંડો ધ્યાને લેવાય છે. **પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈ પણ માપદંડમાં એ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સબંધિત ઉમેદવારે તથા તેનાં માતા-પિતા / વાલીએ સ્વયં સબંધિત સત્તાધિકારી** તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો તેની જાણ જામનગર મહાનગરપાલિકાને અચૂક કરવાની રહેશે. ઉમેદવાર / માતા-પિતા / વાલી આવી જાહેરાત નહિ કરીને કોઈ પણ વિગતો છુપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે. અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. **ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈ પણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવારી / માતા-પિતા / વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.**
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક : ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૩-૦૯-૨૦૧૯ **ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા** પ્રમાણપત્ર ઇસ્યુ (ISSUE) થયા તારીખથી ૩(ત્રણ) વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. **આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં** તા.૨૫-૦૧-૨૦૧૯ નાં ઠરાવ ક્રમાંક : ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમુના (અંગ્રેજી)માં ANNEXURE -KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ આર્થિક રીતે **નબળા વર્ગો માટેના પ્રમાણપત્રનાં નંબર અને તારીખ ઓનલાઈન અરજી** કરતી વખતે દર્શાવવાના રહેશે. **આ પાત્રતા પ્રમાણપત્ર સબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ**

સુધીમાં ઇસ્યુ કરાવેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ હશે તો જ માન્ય રાખવામાં આવશે. અન્યથા તે માન્ય ગણવામાં આવશે નહિ.

- ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિ.
- જો કોઈ ઉમેદેવારે નિયત સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજુ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિન અનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરણીત મહિલા ઉમેદવારે આવું નોન ક્રીમિલેયર પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમાં ધરાવતાં હોવા જોઈએ. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો તેમની અરજી રદ્દ કરવામાં આવશે.
- આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ આવકના આધારે રાજ્ય સરકારની નોકરી માટે કઢાવેલ આર્થિક રીતે નબળા વર્ગ માટેની પાત્રતાનું પ્રમાણપત્ર તા.૨૨/૦૭/૨૦૨૧ થી તા.૨૧/૦૭/૨૦૨૪ સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ EWS કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદામાંથી મુક્તિ તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહિ.
- આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને તેમની આર્થિક રીતે નબળા વર્ગ પૈકીના હોવા અંગેનું પ્રમાણપત્ર સક્ષમ સત્તા દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.

૮) સામાન્ય વહીવટ વિભાગ ના તા.૦૨/૦૯/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫% ગુણ ઉમેરી આપવામાં આવશે પરંતુ તેઓએ ભરતી તથા નિમણુંક સમયે પુન:લગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત, જામનગર મહાનગરપાલિકા માંગે ત્યારે તેના તમામ પુરાવા જામનગર મહાનગરપાલિકામાં અસલમાં રજુ કરવાના રહેશે.

૯) એથેલેટીક (ટ્રેક અને ફિલ્ડ રમતો સહીત) બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વીમિંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનીસ, વેઇટલીફટીંગ, રેસલિંગ, બોકિસંગ, સાઈકલીંગ, જીમનેસ્ટીક, જુડો, રાઈફલ શુટીંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળોફેક, નોકાસ્પર્ધા, શતરંજ, હેન્ડ બોલની રમતો - ખેલકૂદમાં રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારતશાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધામાં માત્ર પ્રતિનિધીત્વ કરેલ હોય તેવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫% (પાંચ ટકા) ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગર તથા તા.૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગર માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર જામનગર મહાનગરપાલિકા માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હક્કદાર થશે.

૧૦) સ્પર્ધાત્મક પરીક્ષાના સ્થળે ઉમેદવારે પોતાના ખર્ચે હાજર થવાનું રહેશે.

૧૧) સ્પર્ધાત્મક પરીક્ષા માટેનું સ્થળ, સમય અને તારીખ જામનગર મહાનગરપાલિકા દ્વારા નિયત કરવામાં આવશે. તેમજ ઉપરોક્ત જગ્યાઓ માટેની પરીક્ષા ગુજરાત રાજ્યમાં કોઈ પણ સ્થળે આયોજિત કરી શકાશે જે બધા ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

૧૨) અરજદારે ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી સાથે કોઈ પ્રમાણપત્રો કે દસ્તાવેજ સામેલ કરવાના રહેશે નહી.

૧૩) પસંદગી યાદીમાં સમાવિષ્ટ અને નિમણુંકને પાત્ર હોય તેવા ઉમેદવારોએ ઠરાવવામાં આવે તેવી શારિરીક યોગ્યતાની તબીબી તપાસ પસાર કરવાની રહેશે. આવી શારિરીક યોગ્યતાની તબીબી તપાસ પસાર ન કરનાર ઉમેદવાર નિમણુંકને પાત્ર બની શકશે નહી. આવા ઉમેદવારનું નામ પસંદગી યાદીમાંથી રદ્દ કરવામાં આવશે.

૧૪) પસંદગી યાદીમાં સમાવિષ્ટ અને નિમણુંકને પાત્ર હોય તેવા ઉમેદવારે ઠરાવવામાં આવે તે મુજબ નમુનામાં સારા ચારિત્ર અંગેના પુરાવા રજુ કરવાના રહેશે. આવા પુરાવા રજુ ન કરનાર ઉમેદવાર નિમણુંકને પાત્ર બનશે નહી અને આવા ઉમેદવારનું નામ પસંદગી યાદીમાંથી રદ્દ કરવામાં આવશે.

૧૫) જામનગર મહાનગરપાલીકાને સંતોષ થાય કે સંબંધીત ઉમેદવાર ફી સહિતની તમામ આવશ્યક જરૂરીયાત સંતોષે છે તો જ તેવા ઉમેદવારને સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

૧૬) જન્મ તારીખના પુરાવા માટે જન્મ તારીખનો દાખલો કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ઉમરના પુરાવા માટે માન્ય ગણાશે.

૧૭) સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવારો તથા જામનગર મહાનગરપાલિકા ખાતે કાયમી જગ્યા ઉપર ફરજ બજાવતા ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮-૧૧-૧૯૮૯ ના પરિપત્ર ક્રમાંક : એફ.ઓ.એ-૧૦૮૮-૩૯૪૦-ગ.૨ થી નિયત કરવામાં આવેલ નમૂનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" રજુ કરવાનું રહેશે.

૧૮) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડીસ્ચાર્જ બુકની નકલ રજુ કરવાની રહેશે.

૧૯) અટક અથવા નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટની/લગ્ન નોધણી પ્રમાણપત્રની નકલ આપવાની રહેશે. તેમજ મહિલા ઉમેદવાર જો તેમના પિતાના બદલે તેમના પતિના નામે અરજી કરવા માંગતા હોય તો તેમને લગ્ન રજીસ્ટ્રેશનની નકલ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ફરજીયાત રજુ કરવાની રહેશે.

૨૦) વિદેશની યુનિવર્સીટીમાંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની અધિકૃત નકલ માંગેથી રજુ કરવાની રહેશે.

૨૧) શારીરિક અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારોના કિસ્સામાં સા.વ.વિ ના તા.૦૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પીટલના સુપ્રિંટેન્ડેન્ટ/ સિવિલ સર્જન / મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર માન્ય ગણાશે.

૨૨) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા અધિકૃત આદેશો/અધીકૃતતાની વિગતો/ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૨૩) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યા ઉપર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી ઉમેદવારોએ મેળવેલ માર્ક્સના મેરીટને ધ્યાને લઇ કરવામાં આવે છે. તેથી આવી જગ્યાઓ માટે પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

૨૪) જો મૂળ ગુજરાતના અનામત જાતિના ઉમેદવારો બિન અનામત જગ્યા ઉપર અરજી કરશે તો આવા ઉમેદવારોના કિસ્સામાં બિન અનામત જગ્યાના ઉમેદવારોને લાગુ પડતા તમામ ધારા-ધોરણો લાગુ પડશે.

૨૫) ઉમેદવારે ઓન લાઈન અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રકિયા માટે આખરી ગણવામાં આવશે. અને આ વિગતોના આધારે સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. ઓનલાઈન અરજીમાં દર્શાવેલ વિગતોના પુરાવાઓ જામનગર મહાનગરપાલિકા માંગે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. ચકાસણી દરમ્યાન ઓનલાઈન અરજી ફોર્મમાં ઉમેદવારે ભરેલ વિગતો અને આધાર / પુરાવા તરીકે રજુ કરેલા અસલ પ્રમાણપત્રોમાં જો તફાવત જણાશે તો જે તે તબક્કે ઉમેદવારી "રદ્દ" ગણવામાં આવશે.

૨૬) અરજદારે ઓન લાઈન અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળ થી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

૨૭) ઉમેદવાર ઓન લાઈન અરજી પત્રકમાં જે ફોટો **UPLOAD** કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવાના રહેશે. તેમજ જામનગર મહાનગરપાલિકા માંગે ત્યારે (લેખિત પરીક્ષા / ડોક્યુમેન્ટ વેરીફીકેશન વગેરે) સમયે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે.

૨૮) ઉમેદવાર ઓન લાઈન અરજી પત્રકમાં ભરતી વખતે જે મોબાઈલ નંબર / ઈ-મેઈલ આઈ.ડી. દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઇલ પર એસ.એમ.એસ. / ઈ-મેઈલ આઈ.ડી. થી મોકલવામાં આવશે. તેથી દર્શાવેલ મોબાઇલ નંબર બદલાવો નહી.

૨૯) આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

30) ઉમેદવાર પોતે કોઈપણ સંવર્ગની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાનો હક્કદાર થશે નહી. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાની એવી ખાતરી થાય કે મહાનગરપાલિકાની સેવા સારૂ તે ધી ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ - ૧૯૪૯, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો - ૧૯૬૭ તથા રાજ્ય સરકારે વખતો વખત ઠરાવેલ ધોરણો મુજબ નિયમોનુસાર યોગ્ય ન જણાય તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણુંક "રદ્દ" કરીને પડતો મુકી શકાશે. નિમણુંક બાબતે માન.કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકાનો નિર્ણય આખરી ગણાશે.

૩૧) આ ભરતી પ્રકિયા સંપુર્ણપણે જામનગર મહાનગરપાલિકા તેમજ રાજ્ય સરકારના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

૩૨) આ જાહેરાત કોઈપણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો જામનગર મહાનગરપાલિકાને સંપુર્ણ હક્ક / અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી.

૩૩) વેબસાઈટ નિયમિતપણે જોતાં રહેવા ઉમેદવારોને ખાસ ભલામણ છે.

૩૪) જામનગર મહાનગરપાલિકા જે કોઈ ઉમેદવારને (૧) ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે, (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરવા માટે, (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે, (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોને આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમિયાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારોની ઉતરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદની અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરવાની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે, (૮) લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની પ્રસ્તુતી માટે, (૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણુક કરવા માટે, (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે જામનગર મહાનગરપાલિકાએ રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે, (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ઠ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી અથવા (૧૨) પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશ પત્રોમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો ફોજદારીને પાત્ર ઉપરાંત (ક) જામનગર મહાનગરપાલિકા પરીક્ષામાંથી ઉમેદવારને તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે. અથવા (ખ) (૧) જામનગર મહાનગરપાલિકા સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતથી અથવા (૨) રાજ્ય સરકાર પોતાના હેઠળ ની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ઠ મુદત માટે ગેરલાયક / બાકાત કરી શકશે.

૩૫) અપોઇન્ટમેન્ટ ઓથોરીટી તથા તેના દ્વારા નિયત કરવામાં આવેલ સ્ટાફ સીલેક્શન કમિટી દ્વારા બેઝીક લાયકાત, રીટર્ન ટેસ્ટ તેમજ દેખાવના આધારે જે - તે જગ્યા માટે માપદંડ નક્કી કરાશે અને તે પ્રમાણે આખરી પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

૩૬) ઉપરોક્ત જગ્યા માટે ઉમેદવારોએ અપોઇન્ટમેન્ટ ઓથોરીટી નક્કી કરે તે મુજબની લેખિત પરીક્ષા માટે અપોઇન્ટમેન્ટ ઓથોરીટી જે જગ્યાઓ સુચવે તે જગ્યાએ પોતાના ખર્ચે પહોચવાનું રહેશે.

૩૭) સરકારી / અર્ધસરકારી કચેરીઓમાં ફરજ બજાવતાં કર્મચારીઓ ઉપરોક્ત જગ્યાઓ માટે તેઓની સંસ્થાના **"ના વાંધા પ્રમાણપત્ર"** સાથે અરજી કરવાની રહેશે.

૩૮) જામનગર મહાનગરપાલિકા દ્વારા ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે ઉમેદવારને જાણ કર્યેથી ઉમેદવારોએ જણાવવામાં આવે તે મુજબ પુરાવાઓ રજુ કરવાના રહેશે તથા ચકાસણી અર્થે અસલ પુરાવાઓ સાથે રાખવાના રહેશે.

૩૯) આ જાહેરાત કોઈપણ કારણોસર રદ્દ કરવાની કે ભરતી રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો જામનગર મહાનગરપાલિકાની અપોઇન્ટમેન્ટ ઓથોરીટીને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને તે માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહિ.

૪૦) મહીલા ઉમેદવાર અરજી કરતાં સમયે પરણીત હોય તો અરજી સાથે મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી. અથવા ગર્વમેન્ટ ગેઝેટ રજુ કરી પોતાના પતિના નામ સાથે અરજી કરી શકશે. મહિલા ઉમેદવાર પરણીત હોય પરંતુ મેરેજ સર્ટી. અથવા ગર્વમેન્ટ ગેઝેટ રજુ ન કરી શકે તેવા ઉમેદવાર તથા અપરણિત ઉમેદવારે તેમના પિતાના નામ સાથે અરજી કરવાની રહેશે.

૪૧) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યાં હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલુમ પડશે તો તેવી અરજી રદ્દ થવાને પાત્ર રહેશે. તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે તાકીદની અસરથી ગમે ત્યારે રદ્દ કરવામાં આવશે તથા જરૂરી ફોજદારી પગલાં લેવાને પાત્ર થશે.

૪૨) સરકારી / અર્ધ-સરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારો જો ઉક્ત જગ્યાઓ ઉપર પસંદગી પામશે તો તેઓએ મૂળ જગ્યાએથી રાજીનામું આપ્યા બાદ જ નિમણુંકની જગ્યા ઉપર હાજર થવાનું રહેશે તેમજ તેઓની અગાઉની બજાવેલ ફરજનો સમયગાળો નિયમબદ્ધ કરી શકાશે નહિ / ગણતરીમાં લેવામાં આવશે નહિ.

૪૩) નીચે દર્શાવેલ કારણોસર અરજદારની અરજીઓ અસ્વીકારને પાત્ર ઠરશે.(રદ્દ થવાને પાત્ર રહેશે.)

૧) ઓન લાઈન અરજી પત્રકમાં અરજી કરનારની સહી તેમજ ઓન લાઈન અરજી પત્રકમાં ફોટા ઉપર સહી કરેલ ન હોય (એક અગર બન્ને જગ્યાએ).

૨) અરજદારે ઓન લાઈન અરજીમાં કેટેગરી પૈકી એક પણ કેટેગરી ન બતાવેલ હોય અથવા એક થી વધુ બતાવેલ હોય.

૩) જે તે કેડરની જગ્યા માટે નિયત કરેલ શૈક્ષણિક લાયકાત તેમજ પાસ કર્યાનું વર્ષ તથા કેટલા પ્રયાસોમાં બતાવેલ ન હોય.

૪) અરજદારે ઓન લાઈન અરજી પત્રકમાં જન્મ તારીખ અધુરી કે બતાવેલ ન હોય અથવા જન્મ તારીખમાં અવાસ્તવિક વર્ષ- માસ- દિવસ બતાવેલ હોય.

૫) અરજદારની વય નિયત કરાયેલ તારીખે લઘુતમ વયમર્યાદા ૧૮ વર્ષની ધરાવતાં ન હોય.

૬) અરજદાર ધ્વારા નિયત થયેલ ઓન લાઈન ફોર્મમાં અરજી કરેલ ન હોય.

૭) મહિલા ઉમેદવારે પતિના નામ સાથે અરજી કરેલ હોય પરંતુ મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી કે ગર્વમેન્ટ ગેઝેટની નકલ રજુ કરેલ ન હોય.

૮) ઓન લાઈન અરજીમાં જણાવેલ તમામ વિગતો માટેના માન્ય જરૂરી પ્રમાણિત પુરાવાઓ સામેલ કરેલ ન હોય.

**જામનગર મહાનગરપાલિકા**

સામાન્ય વહીવટ વિભાગ

(૯) ઉમેદવારોએ તમામ પ્રમાણપત્રો જામનગર મહાનગરપાલિકા દ્વારા મંગાવવામાં આવે ત્યારે સ્વ-પ્રમાણિત કરી રજુ કરવામાં ન આવે.

તારીખ :- ૧૫ / ૦૬/૨૦૨૪.

સ્થળ : જામનગર

કમિશનર

જામનગર મહાનગરપાલિકા